# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૯ (ચાલુ) વીર સં. ૨૫૧૦
વિક્રમ સંવત ૨૦૪૦ પોષ

## પદ ૪૯ મું

લે. પ. પૂ. આનન્દઘનજી મ. સાહેબ

( રાગ–સોરઠી )

કંચન વરણો નાહરે, મુને કોઈ મિલાવો ॥ (કંચન)
અંજન રેખ આંખ ન ભાવે, મંજન શિર પડો દાહરે ॥ મુને૦ (૧)

ભાવાર્થ :–

સમતા કહે છે કે મારો સ્વામી, કંચન સમાન વર્ણવાળો છે. તેવા પ્રકારના મારા સ્વામીને, કોઈ મારા હિત કરનારાઓ મેળવી આપો. આત્માની સત્તા કંચનની પેઠે નિર્મળ છે. ત્રણ કાલમાં આત્મ દ્રવ્યનું સ્વરૂપ ફરતું નથી. મારા આત્મ સ્વામીની આંખમાં અંજનની રેખા નથી અને અંજન પણ તેમને આંખમાં ભાવતું નથી. મારા સ્વામીને આંખો વડે સર્વ પ્રકારની વસ્તુઓ દેખાય છે. મારા સ્વામીને સ્નાન કરવું ગમતું નથી, કારણ કે બાહ્ય સ્નાનની તેમને કંઈ પણ આવશ્યકતા નથી. તેથી સ્નાનના શિરપર દાહ પડો. મારા સ્વામીની સત્તા નિર્મળ છે.

કૌન સેન જાને પર મનકી, વેદન વિરહ અથાહ ।
થર થર ધ્રુજે દેહડી મારી, જિમ વાનર ભરમાહ રે ॥ મુને૦ (૨)

( અનુસંધાન પાના નં. ૪૫ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૧ ] જાન્યુઆરી : ૧૯૮૪ [ અંક : ૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન | શ્રી યશોવિજયજી મ. કૃત | ૩૩ |
| (૨) | હીરા માણેક | સં. રતિલાલ માણેકચંદ શાહ | ૩૪ |
| (૩) | નશ્વર ભોગ.... મોક્ષમાં બિરાજમાન | પૂ. મુ. હરિભદ્ર મ. સા. | ૩૫ |
| (૪) | સતી સુરસુંદરી | પૂ. મુ શ્રી દાનવિજયજી મ સા. | ૩૬ |
| (૫) | ફર્જ પ્રિય કિશોર | લે. એ. E. L. Turnbull અ. P.R. Salot | ૩૮ |
| (૬) | જીવના બે લક્ષણ | ભદ્રંકરવિજયજી ગણિવર | ૪૧ |
| (૭) | પુણ્ય કર્મ જાગે છે ત્યારે | પૂ. પં. શ્રી કુંદકુંદવિજયજી ગણિવર | ૪૬ |
| (૮) | ભગવાન મહાવીર અને વિશ્વશાંતિ | લે. ડો. નિજામુદ્દીન ઈસ્માઈલ | ૪૮ |



( અનુસંધાન ટાઈટલ પેજ ૩નું ચાલુ )

આપણા મત અને ભાવનાનો આદર કરે છે. અહીં સર્વ પ્રકારના વિરોધનું ઉન્મૂલન થાય છે વિશ્વમાં અશાન્તિ છે, સંઘર્ષ છે, હિંસા છે અને માલૂમ નથી કે ક્યારે ત્રીજુ મહાયુદ્ધ અણુયુદ્ધ ફ ટી નીકળે એથી બચવા માટે મહાવીર પ્રભુનો સિદ્ધાંત અને-કાન્તવાદ' આપણને સહાયતા આપી શકશે, રક્ષણ આપી શકશે

આજે વિશ્વમાં અશાન્તિનું મુખ્ય કારણ પરિગ્રહ છે. પરિગ્રહ આપણને અંધ બનાવે છે આપણે સ્વાર્થી બનીને, ફક્ત આપણા માટે જ ધન સંગ્રહ કરીએ છીએ, વસ્તુઓની જમાખોરી કરીએ છીએ, ચોરી કરીએ છીએ, કાળું ધન બનાવીએ છીએ. આથી વસ્તુઓના મૂલ્ય વધુ છે વસ્તુઓની અછત સર્જાય છે. પૈસદારો અધિક મૂલ્ય આપીને વસ્તુઓ ખરીદી લે છે. આથી વિશ્વમાં 'ઇન્ફ્લેશન'—ફુગાવો થાય છે. અમીર દેશો ગરીબ દેશોનું શોષણ કરી રહેલ છે. એજ અશાન્તિનું કારણ છે.

ભગવાન મહાવીરે હજારો વર્ષ પૂર્વે લોકોને 'અપરિગ્રહ'નો સિદ્ધાન્ત શિખવ્યો; જેથી કોઈ વસ્તુનો અનાવશ્યક રૂપમાં સંગ્રહ યા પરિગ્રહ ન કરે. પરિગ્રહ ધનનો જ નહિ પણ મનુષ્યનો પણ નજરે પડે છે—દાસતાના રૂપમાં, નારીનો પરિગ્રહ પણ દેખાય છે—ભોગ અને દહેજના રૂપમાં સ્ત્રીઓને આજે પણ વેચવામાં આવે છે. દહેજ થોડો લાવવા બદલ જીવતી સળગાવે છે-આવું આપણે દૈનિક સમાચારમાં વાંચીએ છીએ અને જોઈએ છીએ. ' રેપ કેસ ' પણ આથી જ બને છે. કોઈને અભાવમાં મૂકીને, સુખી બનવામાં માનવતા છે? કોઈને ગુલામીમાં સબડાવવા ત અમાનુષી કાર્ય નથી કે? પ્રભુ મહાવીરના યુગમાં ક્રીતદાસ પ્રથા હતી. 'ચંદનબાળા' તેનું જ્વલન્ત ઉદાહરણ છે. આપણી સરકારે દાસપ્રથા બધ કરી એક મહાન માનવીય કાર્ય કર્યું છે. પણ વિશ્વમાં પરિગ્રહ પ્રવૃત્તિ વધતી જાય છે. તે કારણથી હિંસાનું વાતાવરણ જોરમાં આવે છે. ખૂબ સંપત્તિવાન દેશ, નાના દેશોને પોતાની ચંગુલમાં ફસાવે છે. તેમને સ્વતંત્રતા પૂર્વક શ્વાસ લવાના અન વાત કરવ નો પણ અધિકાર દેતા નથી. શોષણની આ પ્રવૃત્તિ, પરિગ્રહની આ દુર્ભાવનાનો નાશ, પ્રભુ મહાવીરના અહિંસા અને અપરિગ્રહના નિયમથી થઈ શકે છે, અને વિશ્વમાં વિશ્વ વ્યાપી શાંતિ સ્થાપિત કરી શકાય તેમ છે. "શ્રમણ"ના સૌજન્યથી

× × ×

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## -: પરિપત્ર :-

સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૪૦ના પોષ વદ ૧૨ તા. ૨૯-૧-૮૪ રવિવારના રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :-

(૧) તા. ૨૭-૨-૮૩ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજુર કરવા.

(૨) સંવત ૨૦૩૯ની સાલના આવક-ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા.

આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરેલ છે તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ ઉપર મૂકેલ છે.

(૩) સંવત ૨૦૪૦ની સાલના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રીઓ રજૂ કરે તે.

લી સેવકો,

અમૃતલાલ રતિલાલ ભગતભાઈ

હીંમતલાલ અનોપચંદ મોતીવાળા

પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

માનદ્ મંત્રીઓ

તા. ૧૬-૧-૮૪

ભાવનગર

---

તા. ક. : આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધાકલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૧ ] વિ. સં. ૨૦૪૦ પોષ : જાન્યુઆરી-૧૯૮૪ [ અંક : ૩

# શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન

ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય મહોપાધ્યાય

**શ્રી યશોવિજયજી મહારાજ કૃત**

થાંસું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહશો લેખે;
મેં રાગી, થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી,
એક પખો જે નેહ નિંવહવો તે માંકી શાબાશી. થાંસું (૧)

નિરાગી સેવે કાંઇ હોવે? એમ મનમાં નવિ આણું;
ફળે જેમ અચેતન પણ જેમ સુરમણિ,
તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાંસું (૨)

ચંદન શીતળતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકના તિમ દુઃખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થાંસું (૩)

વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેહ સંબંધે;
અણ સંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે થાંસું (૪)

દેવ અનેરા તુમથી છોટા, થેં જગમેં અધિકેરા;
યશ કહે ધર્મ જિનેશ્વર! થાંસું, દિલ માન્યા હે મેરા. થાંસું (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હીરા માણેક

સંકલન : રતિલાલ માણેકચંદ શાહ ( મિત્રભાનુ ) નડિયાદ

આ જગત સ્વપ્ન સમાન છે, ક્ષણ વિનશ્વર છે, પાણીના પરપોટા જેવું જીવન છે. આ સઘળું મિથ્યા છે, ભ્રમણા ઉત્પન્ન કરનારું છે. આ બધું તો અલ્પજ્ઞાન વાળાને સમજાવવા માટે છે. પરંતુ વિષયોથી વિમુખ થયેલા, સત્ય વૈભવવાળા મહાત્માઓ તો, આ વિષય જન્ય ભોગની ક્ષણને ભયંકર કાળા ઝેરી સર્પ સમાન જુએ છે.

પુત્ર, પૌત્ર, પૌત્રી વગેરે જન્મ-મરણના ભયને દૂર કરવા સમર્થ નથી. નરકરૂપ નગરના માર્ગને કુટુંબનું કોઈ પણ સભ્ય રોકી શકતું નથી. આ બધાને અટકાવવા કોઈ પણ સમર્થ હોય તો એક માત્ર ધર્મ છે.

વિપત્તિ રૂપ અગ્નિથી બળેલો આ જીવ પોતે કરેલા અતિ ઘોર કર્મો કોઇની પણ સહાય વિના એકલો જ ભોગવે છે. તમે કદાચ એમ માનતા હશો કે એવા દુઃખના કે પાપના ઉદય સમયે તમારું કોઇ રક્ષણ કરશે, પણ એવું રક્ષણ કરવા કોઈ શક્તિમાન થતું નથી. પ્રત્યેક જીવોને પોતાના કરેલા કર્મો પોતાનેજ ભોગવવા પડે છે.

વિપુલ ભયને આપનાર આ સંસારમાં પરિભ્રમણ કરતો આ જીવ કોઈ પણ સ્થાનમાં પરવશપણાને નથી પામ્યો એમ બન્યું જ નથી. માટે સંસારના પરિભ્રમણનો અંત લાવનાર એક ધર્મની તમે આરાધના કરો.

હે આત્મન્ ! એકત્વ ભાવના ભાવવાથી પ્રાર્થના વિના જ તને શાંતિ મળશે. નરક વગેરેના ભયંકર દુઃખોનું શમન થશે. સ્વાર્થ અંધ, દુષ્ટ અને મૂર્ખ માણસનું મમત્વભાવથી પતન થાય છે. માટે જ સુગુરુના મુખથી ધર્મ તત્ત્વને જાણી તે માટે ઉદ્યમ કર.

હે ભવ્ય ! જડ સ્વભાવ રૂપ શરીરથી ચૈતન્ય સ્વરૂપી આત્મા ભિન્ન છે. માટે મોહબુદ્ધિનો ત્યાગ કરીને શુદ્ધાત્મ તત્ત્વનો અનુભવ કર.

વિશ્વમાં જે જે પદાર્થો જેઓએ ભોગવ્યા તે તે જડ પદાર્થો ખરેખર સ્વસ્વભાવથી ક્ષણે ક્ષણે વિલક્ષણપણાને પામે છે.

હે ભવ્યો ! પુત્ર, પત્ની, મિત્ર, બંધુવર્ગ તથા સર્વ વસ્તુ ધન વગેરે પણ ક્ષણે ક્ષણે પર સ્વભાવને પામે છે; એમ તમે બુદ્ધિથી ભાવનાભાવો. આ પ્રમાણે અન્યત્વ ભાવનાથી જડ અને ચેતનની ભિન્નતાને જાણીને હે સજ્જન પુરુષો ! સંસાર સમુદ્રમાં નાવ સમાન ભવ્ય આત્મરમણતા કરો.

આ શરીર રૂધિર, આંતરડાં, માંસ, મજ્જાના પીંડરૂપ અનેક નાડીઓના જાળાથી ગુંથાયેલ છે. આ શરીરમાં અંશમાત્ર પણ પવિત્રપણુ નથી. છતાં પણ જુઓ તો ખરા, મૂર્ખ માણસો તેમાં મોહ પામે છે.

આ માનવ શરીર દુર્ગંધની ખાણ રૂપ છે. તેના પોષણ માટે અનેક દુઃખો સહન કરવા પડે છે. આ શરીરની જો ચામડી ઉતારી લેવામાં આવે, તો તેને જોઇ તેના પર કાગડા અને કૂતરા તૂટી પડે એવું તેનું બંધારણ છે. વળી આ શરીર ક્ષણે ક્ષણે નાશ પામવાના સ્વભાવવાળું છે. આથી હે બુદ્ધિમાન પુરુષ ! તું શરીરના મોહનો ત્યાગ કર, તેની મમતાનો નાશ કર.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નશ્વર ભોગ સુખોનો ત્યાગ કરનાર ...... શાશ્વત ને માટે મોક્ષમાં બિરાજમાન થાય.

## પૂ. મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ૦ સા૦

ત્યાગ અને ભોગની તેજ છાયાથી બનેલા આ જગતનો વિશ્વ સમસ્તનો વિચાર કરતાં ને ઉઘડતા પ્રભાતના કિરણોમાં સ્નાન કરતા એક મહામુનિવર રાજગૃહીનગરીની શેરીઓમાંથી પસાર થઇ રહ્યા હતા... અચાનક એમની નજરે એક દૃશ્ય પડયું, અને એ વિચાર કરતા થંભી ગયા. એક કૂતરું મોંમાં હાડકું લઇ પૂર ઝડપથી દોડી રહ્યું હતું, અને દશેક કૂતરાઓએ તેનો મારતે પગે પીછો પકડયો હતો...

એના જ જાતભાઈ એને ન પહોંચે તો થઈ રહ્યું ના? થોડાજ આગળ જતાં એ કૂતરાં પર બધાંય કૂતરાં ત્રાટકી પડયાં. કોઈએ એને ધૂળ ભેગું કર્યું, કોઇએ એને બચકાં ભર્યા, એ રીતે એ બિચારો રાંક પશુ જોતજોતામાં લોહી લુહાણ થઇ ગયો.

અંતે એ શ્વાન થાકયો, પોતાનો જીવ બચાવવા એણે એ હાડકાને પડતું મૂકયું, તેજ ક્ષણે સૌએ એને છોડી દીધું, દશમાંના એકે એ હાડકું ઉંચકી લીધું. યોગીરાજ આશ્ચર્યભેર એ નીરખી રહ્યા.... હવે પેલા નવ આ એમના જ નવા સાથી પર ત્રાટકયાં ને પહેલાના શ્વાનની જેમ એના પણ એવાજ હાલ કર્યા. એ શ્વાને પણ પહેલાની જેમ હાડકું જીવ બચાવવા છોડી દીધું.

ફરી હાડકું કોઇ ત્રીજાએ ઝડપ્યું ને ફરી એના ઉપર બીજા આઠ શ્વાનો ફરી વળ્યા. પેલા લોહી ભીનાં બે કૂતરા પૂંછડી દાબી એક ખૂણામાં ઉભા ઉભા ભસી રહ્યાં હતાં, હવે એમને ભય નહતો, કારણ લડાયક કૂતરાઓની નજર પેલા હાડકા પર જ હતી, ને એ જેની પાસે હોય તેને લોહીભીનાં કરી મૂકતા

સમતાધારી મુનિવર વિચારી રહ્યાં હતાં કે જે ગ્રહણ કરે છે તે દુઃખી થાય છે, ને જે છોડે છે તે સુખી થાય છે. પરિગ્રહમાં બંધન ને ત્યાગમાં મુક્તિ, છૂટકારો છે. આ રસહીન અને શુષ્ક હાડકું પકડનારને પણ આટલું લોહી આપી હેરાન થવું પડયું તો રસભર વસ્તુમાં આસક્ત રહેનારને કેટલું લોહી આપી હેરાન થવું પડશે...? જેણે છોડયું તેને કોઇ છેડતું-હેરાન કરતું નથી, જે પકડે છે તેની પાછળ સૌ કોઇ પડે છે ને હેરાન કરે છે...

## શ્રી મુળચંદજી મહારાજની પુણ્યતિથિ

તપાગચ્છાધિપતિ પ. પૂ. શ્રી મુળચંદજી મહારાજની પુણ્યતિથિ અંગે સંવત ૨૦૪૦ના માગશર વદ ૬ ને રવિવાર તા. ૨૫-૧૨-૮૩ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે આપણી સભાના લાયબ્રેરી હોલમાં પંચ કલ્યાણક પૂજા ભણાવાઇ હતી. ભાઇ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પૂજામાં કળીના લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.



For Private And Personal Use Only




( હપ્તો ચોથો ગતાંકથી ચાલુ )

ભીલો અને ધનદેવની લડાઇ જામી હતી. પણ પરાક્રમી ધનદેવના પ્રહારથી કેટલાક ભીલો ધરતી ઉપર ઢળી પડયાં તો કેટલાક નાસી ગયાં. ભીલોનો સરદાર પોતાના સાથી નોકર સાથે ધનદેવ પાસે આવી પહોંચ્યો. નોકરે પોતાના સરદારને ઇશારો કર્યો અને સરદારના હુકમથી લડાઇ બંધ થઈ. ભીલોના સ્વામીએ ધનદેવની પીઠ થાબડતા કહ્યુ શાબા...શ...શૂરવીર ! તારા પરાક્રમથી હું પણ ખુશી થયો છું. ચાલો મારી છાવણીમાં અમે તમારું સ્વાગત કરીએ છીએ, સરદારે ભીલોને કહ્યું આ યુવકને તમે બહુમાનથી આપણી છાવણીમાં લાવો. હૂકમ કરી સરદાર અને વિશ્વાસુ નોકર છાવણી તરફ વળ્યાં. માર્ગમાં નોકરે પોતાના સ્વામીને કહ્યુ, ' રાજન્ ? આ એજ ઉપકારી છે. જેણે પોતાના જાનના જોખમે મારો અને કુમારનો જીવ બચાવ્યો હતો. તેનો ઉપકાર કેમ ભૂલાય ?'

ભીલોનો સરદાર સુપ્રતિષ્ઠને ખ્યાલ આવ્યો કે પોતાના વ્હાલા કુંવર–જયસેનને જોગીઓના હાથમાંથી એટલે મોતના મુખમાથી બચાવનાર આ ધનદેવ જ છે. પોતાના માણસોના હાથથી ધનદેવ અન્યાય પામ્યો તેનું સુપ્રતિષ્ઠને દુ:ખ થયું તેણે ધનદેવની ક્ષમા માંગી બીજા ભીલોને થયું કે, આપણા સ્વામી તો જે હોય તેનું બધું જ લૂંટી લે છે, અને માર મારે છે. પણ આજે તો કાંઈ જૂદુ જ દેખાય છે. આવેલ વ્યક્તિનું રાજા તો આતિથ્યપણું કરે છે.

સરદારે ધનદેવના હાથમાં પોતાના હાથ દબાવતા કહ્યું હે નરવીર ! તમે તો પરમ ઉપકારી છો. તમારો ઉપકાર કેમ ભૂલાય ? વાતો કરતા કરતા પોતાના આવાસની અંદરના ભાગમાં ગયાં.... આસપાસનું વાતાવરણ જોતા જ ધનદેવને પોતાનો ભૂતપૂર્વનો પ્રસંગ સ્મરણપટ પર અંકાઇ ગયો. મનોરમ ઉદ્યાનમાં જોગીઓ સાથેનું ચીત્રપટ નજર સામે આવ્યું. તેને સંસારની વિચિત્ર ઘટમાળ પર આશ્ચર્ય થયુ.

ધનદેવે સુપ્રતિષ્ઠને કહ્યું : 'પલ્લિપાત ! ભાવિ બળવાન છે. તમે અજાણતાથી અપરાધ કર્યો હોય તેમાં ક્ષમા માંગવાનું કોઈ કારણ નથી અને તેથી દિલગીર થવાની જરૂર નથી.'

ધનદેવના આશ્વાસન ભર્યા વચનોથી સુપ્રતિષ્ઠને સજ્જનતાનો પુરાવો મળ્યો. તેને થયું કે પૃથ્વી પર અનેક રત્નો છે. તેમાનું આ એક રત્ન છે. એ જાણીને પલ્લિપતિ સુપ્રતિષ્ઠને અત્યંત આનંદ થયો.

ધનદેવનો લુંટાયેલો બધો માલ તેને પાછો સોંપવા માટે ભીલ્લ સેવકોને આજ્ઞા કરી અને બે હાથ જોડીને ધનદેવને અહીં પોતાના સ્થાનમાં થોડા દિવસ રોકાવા માટે વિનંતિ કરી ધનદેવે કહ્યું,—' તમારી વર્તણુંક જોતા એમ લાગે છે કે તમે કોઈ કુલીન વંશના સંસ્કારી સંતાન છો. આ નીર્દય ભીલ્લોની આગેવાની તમને કેમ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંપડી ? તમારી અને આ ભીલોની વચ્ચે લાખો યોજનનું અંતર દેખાય છે, એવું મને હંમેશા લાગ્યું છે. તમને કોઇ વાંધો ન હોય તો મને જણાવો !'

'હે ધનદેવ ! મારી જીવનગાથા ઘણી લાંબી છે. અને તેમા મારા કૂળનું કલંક છૂપાયું છે. ઘણું કરીને ખાનદાન કુળનો સજ્જન બને ત્યાં સુધી પોતાની વાત બીજાને કહેતો નથી. છતાં તમારા જેવા ઉપકારી અને સજ્જનને કહેવામાં મને કોઇ વાંધો નથી. પોતાના જીવનની વ્યથા ભરી કથાનો પ્રારંભ કરતા કહ્યુ, 'હે પુણ્ય પુરુષ ! સિદ્ધપુરના મહારાજા સુગ્રીવ એ મારા પિતા થાય. હું પાંચ વર્ષનો હતો ત્યારે...આંખમાં આંસૂ લાવતા અને ગળુ રૂંધાતા સ્વરે સુપ્રતિષ્ઠે કહ્યું કે મારી માતા... કમલાવતી... અચાનક વિજળી પડતા જ મૃત્યુને પામી. મારી નાની ઉંમરમાં મે મારા માતાની શીતળ છાયા ગુમાવી તેનુ મને ભાન ન હતું પણ મને આછું આછું એટલુજ યાદ છે કે મારા પિતાએ મારી માતાના સ્વર્ગવાસથી ખુબ કલ્પાંત કર્યો તે સમયે ઘણા લોકોએ મારા પિતાને શાંત રાખવા આશ્વાસન આપ્યું હતું, "દુઃખનું ઔષધ દહાડા" એ રીતે સમય પસાર થતા દુઃખ ભૂલાયું મારા પિતાએ બીજું લગ્ન કરવાનો વિચાર કર્યો અને ચંપાપુરીના કીર્તિધર્મ રાજાની પુત્રી કનકવતી સાથે બીજી વાર લગ્ન કર્યા.

મારી નવી માતા—"અપર મા" પર રાજાનો પ્રેમ વધ્યો, સમય જતા કનકવતીને પુત્ર થયો. તેનું નામ સુરથકુમાર રાખ્યું. સિદ્ધપુરના અંતપુરમાં ખટપટનું નામ નીશાન ન હતુ. સુરથકુમારના જન્મ પછી ખટપટ વધી. મારો પુત્ર આગળ જતા રાજગાદી ઉપર આવે તેવી રીતે રાજા સુગ્રીવના કાન મારી નવી માતાએ ભંભેરવા માંડયાં. મારા પિતા સુગ્રીવ ન્યાયસંપન્ન હતા. તેમણે મને રાજ્યગાદી ઉપર બેસાડવા માટેનો વિચાર મક્કમ રાખ્યો હતો. પણ કનકવતીના કાલાવાલાએ રાજાનો આગ્રહ ફેરવી નાંખ્યો. અને અંતે સુરથકુમારને રાજગાદી ઉપર બેસાડવાની છૂપી તૈયારી ચાલી અને મને કેદમાં પુરવાની પૂર્વભૂમિકા રચાઇ.

ધનદેવે વચ્ચે કહ્યુ ! 'સુપ્રતિષ્ઠ....તમને કેવી રીતે ખબર પડી કે તમને કેદમાં પુરવાની ભૂમિકા રચાય છે,' ભારે હૈયે સુપ્રતિષ્ઠે કહ્યુ "હે ઉપકારી ! બોલતા બોલતા પણ મારૂ હૈયું ભરાઇ આવે છે. શું કરૂં મારા દુઃખની વાત.

ધનદેવે સુપ્રતિષ્ઠને પ્યાલો ભરીને પાણી આપ્યું પાણી પીતા પીતા સુપ્રતિષ્ઠે પોતાની જીવન કથની આગળ ચલાવી....

( ક્રમશઃ )


શ્રી हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् (अष्टमोऽध्यायः)

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

પ્રાપ્તિસ્થાન

શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ, ભાવનગર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ફર્જ પ્રિય કિશોર

મુ. લે. : E. L. TURNBULL

અનુ. : P. R. SALOT

ચિતૂર પાસેના એક નાનકડા ગામમાં આવેલ નાના ઘરમાં રોકકળ ચાલતું હતું. ચૂલો પેટાવ્યો ન હતો. ત્રાંબાના વાસણ નિષ્ક્રીય હતા. ભયગ્રસ્ત, ક્ષુધા પિડિત બાળકો માતાના ડુસકાં સાથે પોતાના ડુસકાં જોડતા હતા. માતા અશ્રુ છુપાવવા સાડીના છેડાથી મોં ઢાંકી રડતી હતી.

ખરેખર એ ખૂબ શોકગ્રસ્ત હતી. વાર્ષિક ક્રિયાનો સમય નજીક હતો પણ ક્રિયા કરનાર તેનો પતિ તો જેલના સળિયા પાછળ હતો ખરું જોતાં તે બાબત તે દોષિત નહતો. ખેતરમાં પાક નિષ્ફળ ગયો હતો અને સરકારી વસુલાત તે ભરપાઇ કરી શકયો નહતો. તે માટે અન્ય કોઇ દોષિત ન હતું. કેમકે રાજ્યનો કાયદો હતો

નાની શી બારીમાંથી આવતા ઝાંખા પ્રકાશમાં દ્વાદશ વર્ષી કિશોર સંસ્કૃતનો અભ્યાસ કરી રહ્યો હતો. માતાના ડુસકાંને કાનમા પ્રવેશતા ખાળવાને, કાનમાં આંગળી ભરાવી હતી. જો તે કામ ન કરે તો પૈસા શી રીતે કમાવ? જો તેમ ન બને તો ગેરહાજર પિતાનું સ્થાન કોણ સંભાળે? પણ તે પ્રયત્ન મિથ્યા હતો. બધાં જ શબ્દો રૂદન સાથે મિશ્રિત બનતા. માતાના રુદનથી તેની ચક્ષુમાં પાણી ભરાયાં, થાકીને પુસ્તક દૂર મૂકયું અને માતા પાસે ગયો.

ધ્રુજતા અવાજે માતાને કહ્યું, ' મા, રડ નહીં. મારા પિતા આવશે."

બીચારી સ્ત્રીએ કહ્યું, "એ કેવી રીતે બને? દેવાના પૈસા હું કયાંથી મેળવવાની છું? મારા દાગીના વેચું તો પણ તેટલી રકમ ભેગી થઇ શકે તેમ નથી. અને વાર્ષિક ક્રિયા થાય નહિ તો મારાથી તે સહ્યું જાય નહિ, આથી મૃત્યુ શું ખોટું? એમ કહી તે ફરી રડી પડી. જે બાળકો રડતા બંધ થયા હતા તેમણે ફરીથી રૂદન શરૂ કર્યું. કિશોર, રંગાનંદને રડવું આવ્યું પણ તેણે મુશ્કેલીથી તે ખાળ્યું. રુદનથી શો લાભ? માતાને મદદરૂપ થવા કોઇ રસ્તો કાઢવો જ રહ્યો.

જેલના દ્વાર તો ચિતૂરમાં આવેલ. કેટલાક માઈલો દૂર. મહાન દીવાલવાળું તે મકાન અનેકવાર રંગાનંદે જોયેલ. ત્યાંથી પિતા કેમે નાસી શકે જ નહિ પૈસા ભરાય તોજ છૂટકારો સંભવે, ક્રિયા કરવા માટે ન્યાયમૂર્તિ પોતાના પિતાને છોડે ખરા?

ન્યાયધિશ ન્યાયી તેમજ દયાળુ છે તેમ તેણે સાંભળેલું. શાસ્ત્રીને જેલમાં મોકલવામાં તો ન્યાયધિશે પોતાની ફરજ અદા કરી હતી. બાર વર્ષના કિશોરને પણ સમજાયું કે તેમાં અન્યાય ન હતો. વિચાર અંતે, તેણે નક્કી કર્યું કે તે ચીતૂર જશે અને ન્યાયાધિશ સમક્ષ રજુઆત કરશે. કદાચ ન્યાયાધિશ કોઇ માર્ગ શોધી કાઢે.

તે ઘરમાં આવ્યો, પણ કશુંજ બોલ્યો નહિ. બિચારી માતા ચૂલો પેટાવતી હતી બાળકોનું રુદન શમ્યું હતું પણ ગાલ અશ્રુથી ભીંજાયેલા હતા દરેકના હાથમાં ચપાટીનો ટૂકડો હતો પણ દુઃખ ખાવાને મજબૂર બનાવતું હતું. ભાઈને જોઈને બાળકોમાં સહેજ ઉત્સાહ આવ્યો.

બીજી સવારે તે વહેલો જાગ્યો. પ્રાર્થના કરી અને ઉતાવળે પગલે ચીતૂર તરફ ચાલી નીકળ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચીતૂર પહોંચીને; રાત્રીના ચોકીદાર તેમજ દૂધવાળાને પૂછપરછ કરી ન્યાયાધીશના બંગલાની ભાળ મેળવી. બંગલા આગળ મોટો ચોગાન હતો, રંગાનંદ હિંમત પૂર્વક અંદર દાખલ થયો. હૃદયના ધડકાર સંભળાતા હતા, હાથ ઠંડા પડતા હતા; છતાં પાછા ફરવાનો લેશ માત્ર વિચાર ન કર્યો. પટ્ટાવાળાને આગલા ભાગ પર જોયો. પટ્ટાવાળાએ પૂછ્યું, 'શું કામ છે?"

ન્યાયાધીશ સાહેબને મળવું છે—તે વાત જાણતા પટ્ટાવાળાને શંકા જન્મી. તે મહાપુરુષ ઘોડેસ્વારી મ્હાણવા ગયા હતા. આવીને સ્નાન કરશે, પછી નાસ્તો લેશે. કોર્ટમાં જતાં પહેલાં, ઓફિસ પત્રોના ઢગલાની તપાસણી કરશે. તો પછી આ કિશોરને કયાથી મળશે?—પટ્ટાવાળો દ્વિધામાં મૂકાયો.

રંગાનદે ધૈર્યપૂર્વક કહ્યુ, "હું રાહ જોઈશ"

પટ્ટાવાળાએ કહ્યુ, "કદાચ આખો દિવસ પણ લાગે."

"તો હું આખો દિવસ રાહ જોઈશ, કેમકે ઘેર જતાં પહેલાં મારૂં કાર્ય થવું જોઈએ."

જિજ્ઞાસાપૂર્વક પટ્ટાવાળાએ પૂછ્યું. "તુ શું ખાશે?"

ગૌરવપૂર્વક કિશોરે કહ્યું, "મારી સાથે ખાવાનું છે."

તેના કપડાની ગડીમાં અર્ધી ચપાટી હતી. તે વાત સાચી. સાથે પાણી પીવાનો લોટો પણ હતો

વિવેકપૂર્વક તેણે કહ્યુ, "હું મઝાથી ચલવી લઈશ."

ખુશી થઈ, પટ્ટાવાળાએ હસી લીધું, અને બંગલા પાછળ ગયો. જ્યારે તે પાછો ફર્યો ત્યારે તેની પાસે ફળ–નારંગી તરબૂચ વગેરેથી ભરેલી ટોપલી હતી.

"અમે વાપરી શકીએ તે કરતાં ખૂબ ખૂબ આ બગીચામાં ફળ થાય છે."

આવા દયાળુ પેટાવાળાને જોઈને કિશોરે કલ્પના કરી કે મને પણ આવો પટાવાળો મળે તો! વિશેષ તો એ રૂચ્યું કે પટાવાળાએ કોઇ પ્રશ્નો ન પૂછયાં, ફક્ત ફળ લાવી દીધાં અને ગુલમહોરના વૃક્ષ તળે આરામ કરવાનું કહ્યું, "ન્યાયાધિશ સાહેબ સંમત્તિ આપશે તો તે તેનો મેલાપ કરાવશે."

સૂર્ય પ્રખર રીતે તપતો બન્યો. સવારની ખુશનુમા વૃક્ષની છાયામાં વિલય થઇ. કિશોરને ગરમી લાગતી હતી પણ પાંપણો ભારે થઈ. ગાઢ નિદ્રાએ કિશોરને ગોદમાં લીધો. નિદ્રામાં સ્વપ્ન સરી પડ્યું. તે એક મહત્વની વ્યક્તિ બન્યો હતો. તેની સમક્ષ કાગળનો ગંજ મેજપર પડયો હતો. છતાં પટાવાળાઓ વધુને વધુ બહારથી લાવતા હતા. પટાવાળાઓએ ભવ્ય પોષાક પહેર્યો હતો. જ્યારે જ્યારે તે નજર ઊંચી કરતો ત્યારે તેઓ સલામ ભરતા હતા. જ્યારે કાગળો વાંચ્યા ત્યારે તે સર્વ પોતાને લગતા જ લાગ્યાં પોતાની જીવન કથા તેમાં તેણે વાંચી. તે હતી–સંસ્કૃતનો અભ્યાસ કરતો હતો ત્યારથી આજ દિન સુધીની. તે આગળ વાંચવા જતો હતો ત્યાં તે ચમકીને જાગી ગયો–એ હતું ફક્ત સ્વપ્ન. પોતે તો હતો ન્યાયાધિશના કમ્પાઉન્ડમાં રાહ જોતો રંગાનંદ શાસ્ત્રી. તેને કાને અવાજ આવ્યો. "સારું તને સુંદર ઊંઘ આવી ગઇ." તે હતો હંમેશ મુજબ હસતા અને પાસે જ ઉભેલા પટાવાળાનો અવાજ.

તેણે કહ્યું, "સાહેબ તૈયાર છે. તને મળશે. તેની સમક્ષ સત્ય સિવાય કશું કહતો નહિ; કારણકે જુઠા બોલનારને તે તરત પકડી પાડે છે."

રંગાનંદે કહ્યું, "હું સર્વદા સત્ય જ બોલું છું. શા માટે મારે તેમ ન કરવું પડે?"

પટ્ટાવાળાએ કહ્યુ, "સારું, મને જાણ નથી પણ તેમ કરવું સહેલું નથી, મારી સાથે ચાલ."

પથદર્શક સાથે તે ચાલ્યો. સુસજ્જ કક્ષમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેઓ બાજુના દ્વાર દ્વારા દાખલ થયા અહીં મેજ પાસે, પોતે સ્વપ્નમાં જોયેલ વ્યક્તિ સમાન ન્યાયાધિશ બેઠેલ હતા તેમના તરફની એકજ દૃષ્ટિએ કિશોરને વિશ્વાસ આપ્યો કે પોતે તેમના પર ભરોસો રાખી શકશે

ન્યાયાધિશના પક્ષે, તેમને લાગ્યું કે કિશોર ચારિત્રવાન અને પ્રામાણિક છે. બન્ને વચ્ચે મધુરૂં અને વેગીલું હાસ્ય ફરકી ગયું.

જ્યારે કિશોર તેમની સમક્ષ ખડો થયો ત્યારે ન્યાયાધિશે પૂછ્યું, "શા સારું આવેલ છે?"

કિશોરે કહ્યું, "માન્યવર્ય, મારાં પિતા જેલમાં છે, જ્યારે વાર્ષિક ક્રિયાનો સમય આવી રહ્યો છે. આપ સાહેબ તેને મુક્ત કરો. મારી માતા અને હું આપની આબાદી માટે હરહંમેશ પ્રાર્થના કરશું."

શાંતિપૂર્વક તેમણે કહ્યું, "સરસ મઝાની વાત પણ મને લાગે છે કે તારા પિતાને મુક્ત કરવાનું તદ્દન સહેલું નથી

ઋણ અદા નહિ કરી શકવાથી જેલમાં છે તે જ તારા પિતાને? પૈસા અગર જામીનગીરી ન મળે તો હું તેની મુક્તિનો આદેશ ન આપી શકું. તૂં જામીનગીરી પુરી પાડી શકીશ?"

રંગાનંદ વિચાર કરવા થોભ્યો, તે જ સમયે તેને એક મહાન વિચાર સૂજ્યો. જો ન્યાયાધિશ ફેરબદલીની સંમત્તિ આપે તો પોતે પિતાનું સ્થાન લે. ભયંકર દીવાલોના ખ્યાલથી તેનું હૃદય સહેજ ધ્રુજ્યું. જો તેના પિતા તે સહી શકે તો પોત કેમ ન સહી શકે? એક દિવસ તો પોતે છૂટશે જ.

હિંમત લાવી તેણે કહ્યું, "નામદાર, અમે ગરીબ છીએ. મારી માતા તમામ ઘરેણાં વેચે તો પણ દેવું ચૂકવવા જેટલી રકમ એકત્રિત ન થાય અમારે નથી તવંગર મિત્રો કે સ્નેહીજનો જો આપ મને જામીન તરીકે સ્વિકારે તો હું મારા પિતાના સ્થાને જેલમાં રહું. આપ નામદાર? હું પુખ્ત વયનો બનું તે પહેલાં મને મુક્ત કરજો, કેમકે હજું હું ખૂબ ભણ્યો નથી."

ન્યાયાધિશે કહ્યું, "મને ખબર નથી, રંગાનંદ! મને તો લાગે છે કે તૂં ખૂબ ખૂબ ભણ્યો છો કિશોર! પૈસાની ચૂકવણી વગર કે તારી જામીનગીરી વગર, હું તારા પિતાને મુક્ત કરીશ. જ્યારે તે મારી સમક્ષ ઉપસ્થિત થશે ત્યારે હુ જણાવીશ કે તારો પાઠ નિષ્ફળ ગયો છે અને નશીબ રૂઠેલ છે છતાં પણ પુત્રની બાબતમાં તૂં સમૃદ્ધ છે; કેમકે પિતૃ બોજો ઉપાડનાર ભાગ્યશાળી પુત્રનો તૂં પિતા છો. તૂં તારા માતા પાસે જા અને કહે જે કે જો કુટુંબ મરતબો પોતાના હાથમાં હશે તો કુટુંબ મરતબો સહીસલામત રહેશે


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણું યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે. કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામાં આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ,
ભાવનગર (સૌરાષ્ટ્ર)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીપના બે લક્ષણ

લેખક : ભદ્રંકરવિજયજી ગણિવર

'ઉપયોગ'—જીવનું અંતરંગ લક્ષણ છે.

'ઉપગ્રહ'—જીવનું બહિરંગ લક્ષણ છે.

જીવ, ઉપયોગ વગરનો ન જ હોય. જીવ-સ્વભાવ અન્ય જીવોને ઉપગ્રહકારક થવાનો છે. જીવત્વ જાતિની તુલ્યતાની અપેક્ષાએ જગતના બધા જીવો આપણા સગા છે, આત્મીય છે.

'ઉપયોગ'—જીવનું સ્વરૂપ દર્શક લક્ષણ છે 'ઉપગ્રહ' એ સંબંધ દર્શક લક્ષણ છે.

ચારે નિગોદના જીવો હોય કે સિદ્ધના જીવો હોય, પણ 'ઉપયોગ' એટલે જ્ઞાનદર્શનરૂપ જીવનો વ્યાપાર.

'ઉપગ્રહ' એટલે પરસ્પર એક બીજા જીવોના હિતાહિતમાં (અનુગ્રહ-ઉપઘાતમાં) નિમિત્તભૂત બનવું. આ બન્ને લક્ષણો પ્રત્યેક જીવમાં સદા વિદ્યમાન હોય છે. જેનામાં તે ન હોય તે જીવ નહિં પણ જડ છે.

## સંસાર અને દુઃખનું મૂળ

જીવના સ્વરૂપનું અને જીવના સર્વ જીવો પ્રત્યે સંબંધનું જ્ઞાન અને તદનુરૂપ વ્યવહારનું પાલન ન હોવાને કારણે જ જીવનું વાસ્તવિક હિત થઇ શકતું નથી. તેથીજ તેને ભવમાં ભટકવું પડે છે, અત્યંત દુઃખમય જીવન જીવવું પડે છે.

## જીવનું સ્વરૂપ

પ્રત્યેક આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર-મય છે. પૂર્ણ આનંદ અને ઉપયોગમય છે. ટૂંકમાં જીવનું શુદ્ધ સ્વરૂપ સચ્ચિદાનંદમય છે.

## જીવનો સંબંધ

જીવો અનંતા છે, તે વ્યકિત (દ્રવ્ય પ્રદેશો)ની અપેક્ષાએ છે, પણ જીવત્વ જાતિની દૃષ્ટિએ જીવ માત્ર એક જ છે. દરેક જીવમાં જીવત્વ જાતિ એકજ છે. પર્યાય ભેદે, જુદાં જુદાં પણ જીવદ્રવ્યમાં રહેલ ગુણોની તુલ્યતાને કારણે જીવની જાત એકજ રહે છે.

## કાર્ય લક્ષણ

પરસ્પર (હિતાહિતમાં) ઉપગ્રાહક થવું એ જીવદ્રવ્યનું કાર્યલક્ષણ છે. એટલે કે એક જીવ પોતાના વિચાર, વાણી, અને વર્તન દ્વારા બીજા જીવોનું હિત કે અહિત કરવામાં જેવી રીતે નિમિત્ત બને છે, તેવા પ્રકારના અનુગ્રહ કે ઉપઘાત એ સ્વયં પામે છે.

એવો પરસ્પર ઉપગ્રાહ્ય (ઉપગ્રહ પામવાનો) અને ઉપગ્રાહક (ઉપગ્રહ કરવાનો) સ્વભાવ માત્ર જીવ દ્રવ્યમાં છે. તે સિવાયના બીજા પાંચ (ધર્માસ્તિકાયાદિ) દ્રવ્યો જીવ દ્રવ્યને ઉપગ્રાહકારક બને છે, પણ જીવ સિવાયના બીજા કોઇ દ્રવ્ય ઉપર ઉપગ્રહકારક નથી. અર્થાત્ જીવદ્રવ્ય સિવા-યના દ્રવ્યોની ઉપગ્રહ એક પક્ષીય છે. **परस्परोपग्रहो जीवानाम्** સૂત્રમાં વપરાયેલ 'પરસ્પર' શબ્દ અતિ મહત્ત્વનો છે, એનાથી જીવદ્રવ્યનો ઉભય-પાક્ષિક ઉપકાર છે.

એક જીવ બીજા ઉપર ઉપકાર કરે છે, તેનાથી જેમ સામા જીવને ઉપકાર થાય છે તેમ ઉપકાર કરનાર જીવને પણ ઉપકાર થાયજ છે. એટલે કે અન્ય જીવો પ્રત્યેની મન વચન, કાયાની શુભા-શુભ પ્રવૃત્તિની અસર બીજાની જેમ જીવને પોતાને પણ થાય છે.

જીવનો આ સ્વભાવ સર્વ જીવોમાં સર્વ



For Private And Personal Use Only

કાળે વિદ્યમાન હોય છે કે અમુક જીવોમાં અમુક કાળેજ ?

'ઉપયોગ' લક્ષણ જીવના સ્વરૂપને બતાવે છે. અને તે સર્વ જીવોમાં સર્વ કાળે હોય છે. તેમ ઉપગ્રહ લક્ષણ પણ જીવોના પરસ્પર સંબંધનું બોધક છે. તેથી તે પણ સર્વ જીવામાં સર્વ કાળે હોય છે.

## સર્વ જીવોમાં ઉપગ્રાહક સ્વભાવ

ઉપગ્રાહ્ય-ઉપગ્રાહક સ્વભાવ સર્વ જીવોમાં છે. કારણ કે સર્વ જીવો સાથે જીવત્વ જાતિનો સંબંધ નિત્ય છે, શાશ્વત છે. પૂ આગમ ગ્રન્થોમાં પણ 'એગે આયા' એવા અનેક પાઠો-જીવોના અભેદને જણાવનારા મળી આવે છે. સંસારી કે સિદ્ધ અવસ્થા એ કર્મોના ઉપચય અને ક્ષયને આશ્રયીને છે. બાકી જીવત્વ જાતિ તો જીવ માત્રમાં એક છે. સર્વ જીવો સાથેનો જીવનો સંબંધ શાશ્વત છે. તો એ સંબંધ દ્વારા જીવોને કંઇ લાભ કે હાનિ, અનુગ્રહ કે ઉપઘાત પણ થતા જ હોય છે

અન્યથા આ સંબંધનું તાત્પર્ય કે કાર્ય શું ? એ સવાલ ઉભો રહે છે. એટલે એ વાત સ્પષ્ટ થાય છે કે જીવ દ્રવ્યનો પરસ્પર ઉપગ્રાહ્ય ઉપગ્રાહક સ્વભાવ, સર્વ જીવોમાં સર્વ કાળે કોઈને કોઈ પ્રકારે વિદ્યમાન છે.

પૂ. આગમ ગ્રન્થોમાં જણાવ્યું છે કે જીવને ગતિમાં અને સ્થિતિમાં નિમિત્ત બનવું એ અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું કાર્ય છે એટલે કે જીવને ગતિસ્થિતિ કરવામાં આ બન્ને દ્રવ્યો સહાય કરે છે.

હકીકતમાં ગતિ-સ્થિતિનું ઉપાદાન કારણ જીવ પોતે જ છે પણ કાર્યની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા રહેતી હોય છે, નિમિત્ત કારણ વિના ઉપાદાન કારણ સ્વયં સક્રિય બની શકતું નથી. એથીજ જીવ દ્રવ્યની ગતિ-સ્થિતિમાં ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નિમિત્ત કારણ રૂપે ઉપકારક બને છે.

તેજ રીતે પોતાના હિત-અહિતમાં અનુગ્રહ ઉપઘાતમાં જીવ પોતેજ ઉપાદાન કારણ છે, પણ તેની ઉત્પત્તિમાં નિમિત્તની અપેક્ષા જરૂરી બની રહે છે એથી સાબિત થાય છે કે જીવોનું હિતાહિત થવામાં કારણરૂપે સર્વ જીવોનો ફાળો રહેલ છે.

## ભાવની પ્રધાનતા

વાણી અને કાયાનું કાર્યક્ષેત્ર ખૂબજ મર્યાદિત છે. એટલે એના દ્વારા સર્વ જીવો, સર્વકાળે પરસ્પર હિતાહિતમા નિમિત્ત ન બની શકે એ હકીકત છે. પણ મન (દ્રવ્ય મન અને ભાવ મન) દ્વારા એટલે કે વિચાર-ભાવના દ્વારા તો સર્વ જીવોના હિતાહિતમાં પરસ્પર નિમિત્ત બનવું શક્ય છે, કારણ કે વિચાર દ્વારા મન આખા વિશ્વમાં વિચરી શકે છે. જે તન તેમજ વચન દ્વારા શક્ય નથી.

જે જીવોને મન નથી, એવા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ સચેતન હોવાથી એમને સતત્ કર્મબંધ ચાલુ હોય છે. તેમાં કારણભૂત આશ્રવો છે-મિથ્યાત્વ, અવિરતિ આદિ સર્વનું હિત ચિંતવનારા ઉપકારી આત્માઓ પ્રત્યેની સતત્ ઉદાસીનતાદિ રૂપ કે આત્મ અશ્રદ્ધાનરૂપ અનાભોગ મિથ્યાત્વ એ જીવોને હોય જ છે, એથી તેઓમાં પણ ઉપગ્રાહકતા ઘટી શકે છે.

સિદ્ધાત્માઓ પણ કર્મ અને મનથી રહિત છે. છતાં એમનામાં જીવરાશિ પ્રત્યે ક્ષાયિક ભાવની કરૂણા રહેલી છે. અને ભાવ-કરુણા જગજ્જંતુઓના આત્મહિતમાં પુષ્ટ કારણરૂપે નિમિત્તભૂત બને છે.

ઉપદેશ-દાનાદિ વડે વાણી દ્વારા અને સેવા ઉપમર્દન આદિ વડે કાયા દ્વારા હિતાહિતમાં નિમિત્ત બની શકાય છે-એ તો બહુને અનુભવ સિદ્ધ જ છે.

આ રીતે મન (ભાવ), વાણી, કાયાની શુભાશુભ પ્રવૃત્તિ દ્વારા પરસ્પર હિતાહિતમાં સર્વ જીવો નિમિત્ત બની શકે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ધર્મનો પાયો મૈત્રી આદિ ભાવ

પરમ કરુણાનિધિ વિશ્વવોદ્ધારક શ્રી જિનેશ્વર પરમાત્માએ આત્મહિતકર જે ધર્મનો ઉપદેશ આપ્યો છે, તેનો પાયો મૈત્રી આદિ ચાર ભાવ છે. કારણ કે જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. રાગ, દ્વેષ, અને મોહની મલિન વૃત્તિઓ તે પ્રવૃત્તિઓને શુદ્ધ બનાવવા માટે મૈત્રી આદિ ભાવો અનિવાર્ય છે. ધર્મરૂપી પ્રાસાદનો પાયો મૈત્રી આદિ ભાવો છે.

## મૈત્રી આદિ ભાવોનું સ્વરૂપ

પરહિત ચિંતા રૂપ કે સ્નેહ પરિણામ સ્વરૂપ મૈત્રીભાવ સર્વ જીવો પ્રત્યે પ્રગટાવવાનો છે.

પંડની ચિંતામાં તો સહુ કોઈ પાવરધા હોય છે. માનવ જીવનનું ગૌરવ પરહિત ચિંતા વડે બંધાય છે. જીવો પ્રત્યેની જે દ્વેષની કે ઉદાસીનતાની લાગણી છે, તે જીવને ભવભ્રમણ કરાવનારી છે. તે દૂર કરવા, જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવો જોઈએ.

મૈત્રીભાવ-મિત્ર તુલ્ય ભાવ, સહૃદયી બે મિત્રોને પરસ્પર હોય છે તેવો ભાવ જગતના બધા જીવો પ્રત્યે કેળવવો તે.

માનવતાના નાતે બધા માનવો એક સમાન છે, તેમ જીવત્વના નાતે બધા જીવો એક છે. માટે કોઈ પણ જીવ પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખવી એ હકીકતમાં પોતાનાજ જીવ પ્રત્યે દ્વેષ યા ઉદાસીનતાભાવ રાખવા બરાબર છે.

જડના રાગના કારણે, જીવ પ્રત્યે દ્વેષ જન્મે છે અને પંડ પ્રત્યેના અધિક વ્યામોહના કારણે પર પ્રત્યે ઉદાસીનતા ભાવ જન્મે છે. આ બંને મહાદોષોને દૂર કરવામાં મૈત્રીભાવ રામબાણ ઔષધ છે.

એટલે જો પોતાના આત્માના મિત્ર બનવું હોય તો ત્રણે જગતના સર્વ જીવો પ્રત્યે મિત્ર સરખો ભાવ દાખવવો અત્યંત જરૂરી છે.

(૨) જે જીવો પોતાનાથી અધિક ગુણવાન છે, તેમના પ્રત્યે પ્રસન્નતા રૂપ 'પ્રમોદભાવ' કેળવવો જોઈએ જેથી આપણા આત્મામાં દુર્ગુણની દુર્ગંધ દૂર થાય અને સદ્‌ગુણની સુવાસ મહેકી ઉઠે.

'જે જેના ગુણ ગાય, તે તેના જેવો થાય' એ ન્યાયે ગુણવાનની ગુણની પ્રશંસા આદિ વડે જીવ સ્વયં ગુણવાન બની રહે છે.

## કરુણા ભાવના

(૩) જે જીવો દીન, હીન, અને દુઃખી હાલતમાં છે તેમનાં સર્વ દુઃખો અને તેનાં મૂળ કારણરૂપ પાપ-અશુભ કર્મો સર્વથા નિર્મૂળ થાઓ-એ ભાવના ભાવવી તે 'કરુણા' છે.

મારૂં દુઃખ તે દુઃખ અને બીજાનું દુઃખ તે કાંઇ નહિ—એવી સમજ ધરાવવી તે નિષ્ઠુરતા છે. નઠોર હૃદયની પેદાશ છે. સહૃદય-હૃદયને કરુણા શિખવાડવી નથી પડતી.

(૪) જે જીવો પાપમાં પ્રવૃત્ત છે. રત છે, અધમ છે, સમજાવ્યા ન સમજે, વાર્યા ન વળે-એવા કદાગ્રહી અને અવિનીત છે. તેમના પ્રત્યે સ્નેહગર્ભિત (તેમને સદ્‌બુદ્ધિ મળો) ઉપેક્ષા વૃત્તિરૂપ "માધ્યસ્થ ભાવ" કેળવવો જોઈએ,

## પાંચ ભાવોના જ્ઞાનથી મૈત્રી આદિ ભાવો

શ્રી જિનાગમોમાં જીવને ભાવ સ્વરૂપ કહ્યો છે એ ભાવના પાંચ પ્રકાર છે.

(૧) ઔપશમિક ભાવ (૨) ક્ષાયિક ભાવ (૩) ક્ષાયોપશમિક ભાવ (૪) ઔદયિક ભાવ (૫) પારિણામિક ભાવ. આ પાંચ ભાવોમાંથી સિદ્ધાત્માઓને ક્ષાયિક અને પારિણામિક બે જ ભાવ છે. સંસારી જીવોને ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ ચાર તથા પાંચ ભાવો પણ હોઇ શકે છે. ભાવશૂન્ય જીવ હોય શકતો નથી. ઓછાવત્તા અંશે બે કે ત્રણ ભાવો તો દરેક જીવાત્મામાં અવશ્ય હોય છે.

સહજ અને વિકૃત બન્ને સ્વરૂપના જ્ઞાન માટે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાંચ ભાવોનું સ્વરૂપ જાણવું અનિવાર્ય છે. તે વિના જીવના યથાર્થ સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થઈ શકતું નથી.

શ્રી જિનાગમોના અધ્યયન તેમજ શ્રવણથી જ્યારે જીવના ભાવાત્મક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે, ત્યારે જીવોના તે-તે ભાવો પ્રત્યે અંતઃકરણમાં મૈત્રી આદિ ભાવો સમ્યગ્દૃષ્ટિ જીવને ઉત્પન્ન થાય છે.

(૧) સર્વ જીવોમાં પારિણામિક ભાવ (જીવત્વ-રૂપ) રહેલો છે. તેથી તેના પ્રત્યે મૈત્રી ભાવ પ્રગટાવવો જોઈએ.

(૨) જે જીવોમાં ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકભાવ પ્રગટેલો છે, તેમના પ્રત્યે પ્રમોદ-ભાવ ઉત્પન્ન થવો જોઈએ.

(૩) અને જીવોના ઔદયિક ભાવનો વિચાર કરવાથી, તેમના દુઃખો પ્રત્યે કરુણાભાવ અને પાપાચરણ પ્રત્યે માધ્યસ્થ ભાવ જાગવો જોઈએ.

આ રીતે જીવોના વિવિધ ભાવોનું સ્વરૂપ વિચારવાથી તે-તે ભાવો પ્રત્યે આપણા હૃદયમાં મૈત્રી આદિ ભાવો પ્રગટે છે.

સર્વ જીવો સાથે જે પારિણામિક વગેરે ભાવોની અપેક્ષાએ શાશ્વત સંબંધ છે, ઐક્ય છે, તેને વધુને વધુ આત્મસાત્ અને બુદ્ધિગમ્ય બનાવવો જોઈએ.

સર્વ જીવો સાથેના જીવતત્વના સંબંધને યાદ કરી અને એના દ્વારા સવ-પરના આત્માનું હિત સાધવા માટેજ સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ મૈત્રી ભાવ ઉત્પન્ન થવો જોઈ એ. તેમાં પણ ગુણાધિક પ્રત્યે પ્રમોદભાવ, દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ, અને પાપી જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવ કેળવી, એ સ્નેહભાવને પરિપુષ્ટ બનાવવા જોઈ એ.

ઉપર પ્રમાણે ભાવો ભાવવામાં આવે તો જ સાધકની ધર્મસાધના ઔચિત્યમય અને વાસ્તવિક ફળ આપનારી બને છે.

## સર્વ જીવો પરસ્પર કઈ રીતે હિતાહિતમાં નિમિત્ત બને છે ?

સર્વજ્ઞ, સર્વદર્શી, પરમ કરુણાનિધિ પરમાત્મા-એ સંસારને દુઃખમય અને પાપમય કહ્યો છે. તેમાં પણ નરક. નિગોદના જીવોની સ્થિતિ અત્યંત દુઃખમય અને પાપમય બતાવી છે.

આ નિગોદવાસી જીવને એક શ્વાસોશ્વાસ જેટલા કાળમાં સત્તરથી અધિકવાર જન્મ મરણ કરવાં પડે છે. એક સોયના અગ્રભાગ જેટલા સૂક્ષ્મ ભાગમાં અનંતા જીવોની સાથે વસવાની પીડા સહેવી પડે છે.

જીવ-જીવ વચ્ચેનું સગપણ એક ભવ પૂરતું સીમિત નથી, પરંતુ સર્વકાલીન છે, શાશ્વત છે. જો એક ભવના સગાનું સગપણ મીઠું લાગતું હોય તેના સુખે પોતે સુખ અનુભવતો હોય-તેના દુઃખે દુઃખી થતો હોય તે જીવત્વની તુલ્યતાના કારણે જેની સાથેના સંબંધ કાયમી છે, એ જીવનું દુઃખ આપણને સ્પર્શવું જોઈ એ.

તેથી જે જીવો દુઃખથી ઘેરાએલા છે, તેમના 'દુઃખ દૂર થાઓ' અને 'કોઈ જીવ પાપ ન કરે' એવી શુભ ભાવના પણ સમ્યગ્દૃષ્ટિ જીવોના હૃદયમાં ઉત્પન્ન થાય છે. જેવી લાગણી આપણને પોતાના જીવ પ્રત્યે થાય છે, તેવીજ લાગણી સર્વ જીવો પ્રત્યે પણ થવીજ જોઈએ.

પોતાના જીવ પ્રત્યે રાગની અને બીજા જીવો પ્રત્યે દ્વેષ કે ઉદાસીનતાની લાગણી રાખીએ તો એ નર્યું એક પક્ષીય વલણ ગણાય. જ્યાં-જ્યાં આવું વલણ હોય છે. ત્યાં-ત્યાં સંસારનું ચલણ હોય છે. તે જીવને દુઃખ અને પાપની ભયાનક ભીંસમાં જ રાખે છે.

## ઉદાસીનતા એ મહાન દોષ છે.

કોઇ જીવ દુઃખી હોય કે સુખી હોય ગુણી હોય કે દુર્ગુણી—તો એ એના કર્મ છે" એમાં મને શું ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી આભોગિક (ઇરાદા પૂર્વકની) કે અનાભોગિક (સ્વાભાવિક) જે ઉદાસીનતાની લાગણી અથવા ઉપેક્ષાવૃત્તિ છે, તે સર્વ દોષોમાં મહાન દોષરૂપ છે. અર્થાત્ રાગ-દ્વેષ કરતાં પણ અપેક્ષાએ ઉદાસીન વૃત્તિ અધિક બંધનકર્તા છે

આપણને રાગ દ્વેષની લાગણી બહુજ થોડા પ્રત્યે હોય છે બાકીના જે અનંત જીવો છે તે બધા તરફ નથી રાગ કે નથી દ્વેષપણું પણ ઉદાસીનતા છે આ ઉદાસીનતા ઉપેક્ષારૂપ છે. જો આ ઉદાસીનતાને દોષરૂપે ન માનતા, ગુણરૂપે માનવામાં આવે તો અનંત જીવો પ્રત્યેના ઉદાસીન ભાવના કારણે આપણો આત્મવિકાસ યા મોક્ષ જલ્દી થઈ જવો જોઈતો હતો, પણ એમ નથી બન્યું. એથીજ એ સાબિત થાય છે કે જીવોને ભવમાં પરિભ્રમણ કરાવનાર, દુઃખમય દીનહીન સ્થિતિ સર્જનાર અનંતા જીવો પ્રત્યેની ઉદાસીનતા એ મુખ્ય કારણ છે.

રાગ-દ્વેષની લાગણીઓ ચારિત્ર મોહનીય કર્મની દેન છે. અને ચારિત્ર મોહનીય કર્મની બંધક પણ છે. જ્યારે જીવો પ્રત્યેની ઉદાસીન ભાવની લાગણી એ દર્શન મોહનીય જન્ય છે. અને દર્શન મોહનીય કર્મની જનેતા છે

જીવોને અનંતકાળ સુધી સંસારમાં ભટકાવનાર અને નરક-નિગોદના અનંત દુઃખમય જીવનનો અનુભવ કરવનાર આ દર્શન મોહનીય કર્મ છે. એમ શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે.

न निषिद्धं अनुमतं ।

એ મુજબ જીવાની દુઃખમય અને પાપમય સ્થિતિ જાણ્યા પછી પણ જો એ જીવો પ્રતિ તેમનું 'દુઃખ દૂર થાઓ' અને તેઓ 'પાપ ન કરો' એવી શુભ ભાવના પણ ભાવવામાં ન આવે તો તે न निषिद्धं अनुमतं । એ ન્યાયે એ દુઃખ અને પાપ આપણને માન્ય છે-એમ કહી શકાય. એથી ઉપેક્ષા રૂપ એ અનુમોદના દ્વારા એ બધા દુઃખ અને પાપના ભાગીદાર પણ આપણે બનીએ જ.

સૂત્ર પ્રમાણ :- કરેમિ ભંતે સૂત્રમાં કરંતંપિ અન્નં સમણુ જાણામિ-આ પદનું તાત્પર્ય પણ એજ છે કે પાપની અનુમતીનો ત્યાગ ન કરવામાં આવે ત્યાંસુધી જે કોઇ પાપ કરી રહ્યા છે, તેની અનુમોદના ચાલુજ રહે છે, તે નિમિત્તે કર્મબંધ થાય છે. (ક્રમશઃ)

---

**ભાવાર્થ:** - (અનુસંધાન ટાઇટલ ૧ નું ચાલુ)

સમતા કહે છે કે મારા શુદ્ધ ચેતન, સ્વામીના વિરહથી મને અથાગ વેદના થાય છે. મને જે પતિવિરહની વેદના થાય છે, તેને હું જ જાણી શકું છું. પરના મનના આશયો અન્ય શી રીતે જાણી શકે? મારા સ્વામીના વિરહથી અને તેમના અત્યંત સ્મરણથી મારી દેહલતા થરથર ધ્રુજે છે. જેમ કોઈ વાનર ભ્રમિત થયો હોય અને વાનર યૂથથી છૂટો પડયો હોય તે જેમ થરથર ધ્રુજે છે તેમ હું પણ આત્મપતિના વિયોગે થરથર ધ્રુજું છું.

**દેહ ન ગેહ ન નેહ ન રહે ન, ભાવે ન દુહા ગાહા ।**
**આનન્દઘન વાલો બાંહડી, ઝાલે નિશદિન ધરૂં ઉમાહો રે ॥ મુને૦ (૭)**

**ભાવાર્થ** :-

સમતા કહે છે કે સ્વામી વિના ઘરમાં રહેવું પણ મને ગમતું નથી. મારા શુદ્ધ ચેતન વિના દેહ અને ઘરની શોભા પણ કોઇ કામની નથી. મારા સ્વામી વિના કોઇના પર સ્નેહ પ્રકટતો નથી. કૃત્રિમ પ્રેમ તે પ્રેમ નથી. બાહ્યની સર્વ શોભા ક્ષણિક છે. મારા સ્વામી વિના દુહા અને ગાથાઓનું ગાન કરવું તે પણ રૂચતું નથી. આનન્દનો સમૂહભૂત એવો મારો સ્વામી મારો હાથ ઝાલે તો મારો બેડો પાર થઈ જાય-એમ શ્રી આનન્દઘનજી કહે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુણ્ય કર્મ... જાગે... છે... ત્યારે

## પૂ. પં. શ્રી કુંદકુંદવિજય ગણિવર

પાપ એ રાત્રિ છે, પુણ્ય એ દિવસ છે.

પાપ એ અંધકાર છે, પુણ્ય એ પ્રકાશ છે.

પુણ્યના ઉદયે માનવીના પાસા પોબાર પડે છે. તે ઊંધુ કરે છે તો પણ સીધું પડે છે. શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે,

**પુણ્યૈઃ લભ્યતે પુંસામ્ અસંભાવ્યં અપિ ક્ષિતૌ॥** પૂર્વના કરેલાં સત્કર્મો વડે મનુષ્ય અસંભવિતને પણ સંભવિત બનાવે છે. દુઃખી જીવો પ્રત્યે દયાના પરિણામ, સાંસારિક પદાર્થો પ્રત્યે અનાસક્તિ, પૂજ્યવર્ગની સેવા, પૂજા, અને તેમની આજ્ઞાનું પાલન, તેમના પ્રત્યે સદ્‌ભાવ અને જીવનમાં સદાચારનું પાલન, આદિ સતકર્મ વડે પુણ્ય બંધાય છે તે ઉદયમાં આવે છે ત્યારે માનવીને અનેક પ્રકારની અનુકૂળતાઓ સાંપડે છે.

હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મનું સેવન અને લોભ આદિ વડે પાપ બંધાય છે. તે ઉદયમાં આવે છે ત્યારે માનવ હેરાન પરેશાન થઇ જાય છે. તેની ધારણાઓ ખોટી પડે છે. ડગલે ને પગલે તેને અંતરાયો આવે છે.

મોટું એક શહેર. તેમાં એક શેઠ રહે. રાજ દરબારમાં પણ તેમનું માન હતું. તેમને એક જ્યોતિષી સાથે ખૂબ મિત્રાચારી હતી. જ્યોતિષી અવારનવાર શેઠને મળવા આવે. જ્યોતિષને લગતી અનેક વાતો રજુ કરે.

એકવાર શેઠે પૂછયું, "જ્યોતિષી મહારાજ! હમણાં મારા ગ્રહો કેવા ચાલે છે?"

ગોચર ગ્રહો મેળવીને તેણે કહ્યું, "શેઠ! હમણાં તમારો ગુરુ ને સૂર્ય-બંને ગ્રહો ઉચ્ચ સ્થાનમાં છે. શુભ ગ્રહોની તેના પર શુભ દ્રષ્ટિ પડે છે. આવો સરસ ગ્રહયોગ બધા મનુષ્યોને વારંવાર મળતો નથી. આ સંયોગોમાં તમે કોઇ અવળું કામ કરશો, તો પણ યશના ભાગી બની જશો. અપમાનને બદલે માન મળશે.

શેઠે પૂછયું, "પરીક્ષાની ખાતર હું કોઈ ઉલટું કર્યં કરૂં—હાથે કરીને આફત વહોરૂં તો પણ શું તે કાર્ય સીધું પડશે?"

જ્યોતિષીએ કહ્યું, "હા, આફત વહોરવાનું કાર્ય પણ આપને સન્માન અપાવશે."

શેઠને તેના જ્ઞાનમાં વિશ્વાસ હતો. મીઠું બોલી, મને રીઝવીને નાણાં કઢાવનાર આ જ્યોતિષી નથી જ—તેમ શેઠને ખાત્રી હતી.

તેથી પોતાના ભાગ્યની પરીક્ષા કરવા તૈયાર થયા. આજે તો રાજાનું અપમાન કરીને, તેનું પારખું કરી લઉં-એમ વિચારી, શોભતા વસ્ત્રો પહેરી શેઠ રાજસભામાં ગયા.

રાજા ઊંચા સિંહાસન પર બેઠા હતા. રાજસભામાં પ્રજાહિતના પ્રશ્નો ચર્ચાતા હતા.

ધનુષ્યમાંથી છૂટેલા તીરની જેમ શેઠ રાજા તરફ ધસી ગયા. અને જોરથી એક તમાચો તેમના માથા પર લગાવી દીધો. અણધાર્યા આ હુમલાથી રાજા પણ ડઘાઈ ગયો. તેનો મુગટ નીચો પડી ગયો.

સભામાં સન્નાટો છવાઇ ગયો. શેઠના આ કૃત્યથી સભાજનો સ્તબ્ધ થઇ ગયા.

શેઠના સોએ વરસ આજે પૂરાં થઈ જશે—એમ કેટલાકને લાગ્યું.

સૈનિકોએ શેઠને પકડી લીધા. અને રાજાની આજ્ઞાની રાહ જોતા ઉભા રહ્યા. પરંતુ—

જબલગ પૂરવ પુન્યકી, પૂજી હૈ ઈકરાર,
તબ લગ સબ કુછ માફ હૈ, ગુના કરો હજાર.

એ વચન મુજબ પુણ્ય શેઠના પક્ષમાં હતું. એટલે બાજી સુધરી ગઇ.

શેઠના તમાચાથી સભાની ફરસ પર પડી ગયેલા રાજાના મુગટમાંથી લીલા રંગનો એક ઝેરી વીંછી નીકળ્યો,—તે રાજાએ તરત જોયો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેનો બધો ક્રોધ પ્રેમમાં પલ્ટાઇ ગયો. રાજાએ સૈનેકોને આજ્ઞા કરી, "સબુર"

સૈનિકોએ શેઠને છોડી દીધા. આ ઘટનાથી સભાજનો હેરત પામ્યા.

રાજા વિચારવા લાગ્યો કે આ શેઠ સાચેજ પરગજુ માણુસ છે. તેણે મને તમાચો માર્યો, તે મારૂં અપમાન કરવા ખાતર નહિ, પણ જાન બચાવવા ખાતર. વીંછી તેની ખાત્રી રૂપ છે. તેણે સુક્ષ્મદૃષ્ટિથી આ વીંછીને જોઇ લીધો હશે, ઢીલ થાત તો વીંછી ડંખત. આ એકજ ઉત્તમ રસ્તો હતો. ધન્ય છે આ પરગજુ શેઠને.

શેઠનુ પુણ્ય પાંસરૂં હતું એટલે રાજાને પણ સારા વિચારો આવ્યા, પ્રસન્ન થયેલા રાજાએ મંત્રીને આજ્ઞા કરી કે શેઠને દશહજાર સોનામહોર ઈનામમાં આપો.

આ રીત શેઠ ધન અને યશ સાથે ઘેર આવ્યા. થોડા દિવસ પછી શેઠે પુનઃ પોતાના જ્યોતષી મિત્રને પૂછ્યું, "ભાઈ! હાલમાં મારા ગ્રહો કેવા છે?

તેણે કહ્યું, "હાલમાં તમારા ગ્રહ બહુજ સારા છે ઊંધા પડેલ પાસા પણ સીધા થઇ જાય તેવુ બુલંદ તમારૂં ભાગ્ય છે."

"તો કરૂં બીજી વાર પરીક્ષા?" શેઠે સલાહ માંગી ગ્રહોનુ ગણિત મેળવી તેણે કહ્યુ, "આ વખતે તો આપનું અધિક સન્માન થશે"

બીજે દિવસે શેઠ પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરતા કરતા રાજસભામાં ગયા.

રાજા સિંહાસન પર બેઠા હતા. પોતાના ભાગ્યને ચકાસવાની ધૂનમાં શેઠે રાજાનો પગ જોરથી પકડીને ખેંચ્યો. રાજા સિંહાસન પરથી નીચે પટકાઇ ગયા.

સભામાં હાહાકાર મચી ગયો. સૈનિકો શેઠ પર ધસી આવ્યા.

રાજા ઉભા થઇ, વસ્ત્રો ઠીક ઠીક કરીને, સિંહાસન તરફ ફરે તે પહેલાજ સિંહાસન ઉપરની છત મોટા ધડાકા સાથે તૂટી પડી. સિંહાસનના ટૂકડે ટૂકડા થઈ ગયા.

આ ચમત્કારથી રાજા દિંગ થઇ ગયો. રાજાને શેઠમાં દેવતાઈ પુરુષના દર્શન થયા. જો આ પુરુષે સમય સૂચકતા વાપરીને મારો પગ ન ખેંચ્યો હોત, તો જે દુર્દશા સિંહાસનની થઇ તેજ દુર્દશા મારી પણ થાત.

રાજાએ ભરસભામાં શેઠનું સન્માન કર્યું અને કહ્યુ, "આ શેઠ સમાન મારો કોઈ હિતેચ્છુ નથી" કીમતી શિરપાવ અને સોનામહોરો આપી શેઠની આબરૂ વધારી. માનવીનું પુણ્ય પ્રબળ હોય છે ત્યારે મોતના મોંમાં હાથ ઘાલનારને મોતને બદલે માન-સન્માને અને સંપત્તિ મળે છે. એ શાસ્ત્ર વચન છે-તેમ વિચાર સાથે શેઠ ઘેર પાછા ફર્યા.

છ મહિના વીતી ગયા. શેઠે ફરીને પોતાનું ભાગ્ય જાણવા ઈચ્છા કરી, તેજ વખતે તેમનો મિત્ર ઘેર આવી પહોંચ્યો.

પ્રાથમિક વાતચીત બાદ શેઠે જ્યોતિષીને પૂછ્યું, "બોલો, જોષીજી! હવે મારૂં ભાગ્ય કેવું છે?"

આંગળીના વેઢા પર ગ્રહોનું ગણિત મેળવીને તેણે કહ્યું. "અત્યારે આપના ગ્રહો એટલા બધા બળવાન છે કે ગમે તેવું અવળું કરશો તો પણ તમને આંચ આવવાની નથી."

એકવાર શેઠ બગીચામાંથી ફરીને ઘર તરફ પાછા વળતા હતા. માર્ગમાં લોકોની ભારે ભીડ જોઇ. તરતજ તેમણે દૂરથી હાથી પર આવતા રાજાને જોયા. જયજયકાર બોલાવતા હતા. હાથી પર બેઠેલા રાજાએ શેઠને જોયા. શેઠે રાજાને જોયા.

નગરના મુખ્ય દરવાજા પાસે બન્નેનો મેળાપ થયો, રાજા પોતાના ઉપકારી શેઠને આવકારે તે પહેલાં શેઠે રાજાનો પગ ખેંચીને ભોય પર પાડી દીધા.

રાજાના અંગરક્ષકો શેઠને મારવા દોડયા. પરંતુ તેટલામાં આખા દરવાજા કડકડાટ કરતા તૂટી પડયાં. કેટલાક માણસો નીચે દબાઇ ગયા. પણ રાજા બચી ગયા.

તૂટી પડેલ દરવાજા તરફ દૃષ્ટિ નાખી, રાજા ફરી એકવાર પોતાને ઉગારી લેનાર શેઠ તરફ





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીર ઔર વિશ્વશાન્તિ

લે. ડૉ. નિજામુદ્દીન ઇસ્લામિયા કૉલેજ, શ્રીનગર (જમ્મૂ)

**ભગવાન મહાવીરનો પરિનિર્વાણ દિવસ**–એ જ્યોતિ પર્વ–આજથી ૨૫૦૦ વર્ષથી અધિક વર્ષે થયેલ તે અહિંસા અને સહઅસ્તિત્વની પરમ જ્યોતિમાં મળી ગયો. પ્રભુ મહાવીરે આપણને અહિંસા દ્વારા સંપૂર્ણ પ્રાણી જગત પર પ્રેમ કરવાનું શિખવ્યું. તેમની અહિંસા મનુષ્યમાત્ર સુધી સીમિત ન હતી, પરંતુ તેઓએ પશુ–પક્ષી, કીડી મકોડા–સકૂળ જીવધારિયોં પ્રત્યે અહિંસા પૂર્ણ, દયાપૂર્ણ વ્યવહાર કરવાનો માર્ગ બતાવ્યો.

તેઓ આત્મદર્શી અને આત્મજયી હતા, ક્ષમાવીર અને ધૈર્યવાન હતા; સમદર્શી અને સહિષ્ણુ હતા; પ્રેમ અને સત્યના પ્રેમી હતા, કરુણાની મૂર્તિ હતા. તેમના સમવસરણમાં સર્વ ધર્મો, સર્વમતો, સંપ્રદાયોના લોકો એક સાથે ઉઠતા–બેસતા. પ્રવચનોની અમૃતવર્ષાથી પોતાના શુષ્ક હૃદયને સિંચન કરતા પોતાની કઠોર, ક્રૂર મનોભૂમિને કોમળ અને મૃદુ બનાવતા. તેમણે લોકોને સમજાવ્યું કે કર્મથી વ્યક્તિ બ્રાહ્મણ બને છે, કર્મથી ક્ષત્રીય બને છે. કર્મથી શુદ્ર કે વૈશ્ય બને છે. જન્મથી કોઈ વ્યક્તિ બ્રાહ્મણ કે શુદ્ર નથી. જન્મથી કોઈ મહાન કે કોઇ નાનો હોતા નથી

આજે સારો સમાજ, ધર્મ અને સંપ્રદાયથી માંડી સહુ અશાન્ત છે અને હિંસક બનેલ છે. વિશ્વનું માનચિત્ર જોઈએ તો ત્યાં પણ વર્ગ સંઘર્ષ છે. વિકસેલા અને વિકાસ પામતા દેશોમાં રસ્સા કસી છે. વિષમતા વધતી જાય છે. મનુષ્ય ન્યુટ્રોન બોમ્બ જેવા ભયાનક સર્વ વિનાશક હથિયાર બનાવી રહેલ છે. મનુષ્ય પોતે પોતાની જાતના સર્વનાશ પર ઝૂકી રહ્યો છે. સાથો સાથ સમગ્ર પ્રાણીજગતને પણ નષ્ટ કરવા ઇચ્છે છે મનુષ્યનું, મનુષ્ય દષ્ટિમાં કોઇ મૂલ્ય રહ્યું નથી. તે ઇચ્છે તો પ્રાણ લઇ શકે. કેવી ભયાનક સ્થિતિ ?

ભગવાન મહાવીરે કહ્યું હતું, "સર્વ પ્રાણી જીવવા માંગે છે; કોઇને મરવાની ઈચ્છા નથી. સર્વ સુખ ઇચ્છે છે, કોઈ દુ:ખ ઇચ્છતું નથી. સહુને આપના પ્રાણ સમાન માનો." તેમણે આપણને સમતાનો આદર્શ શિખવ્યો હતો, સમતાનો આ આદર્શ, આજની વિષમતા અને વર્ગ સંઘર્ષની અગ્નિમાં ધૂ-ધૂ કરીને સળગી રહેલ સંસારને બચાવવામાં સંપૂર્ણ સમર્થ છે. તે આદર્શ શીતળ જળનું કાર્ય કરીને, આ ધીકતી જ્વાળાને બુઝાવી શકે તેમ છે. સમતાનો અર્થ—ન રાગ, ન ઘૃણા, ન દ્વેષ, ન આકર્ષણ, ન વિકર્ષણ ન મોહ, ન મમતા અંતકરણના, મનના ત્રાજવાના પલ્લા સમતોલ રહે–કોઇ તરફ ઝુકાવ નહિ.

મહાવીર પ્રભુએ કહ્યુ, "કોઈ દુ:ખ ઇચ્છતું નથી તો કોઈ ને દુ:ખ ન આપો," આ છે અહિંસા, આ છે સમતા, તમારે આટલું જાણવાનું છે.

---

આદરપૂર્વક જોવા લાગ્યા. તેના હુકમથી અંગરક્ષકોએ શેઠને છોડી દીધા. પછડાટની પરવા કર્યા વિના, જાન બચ્યાની ખુશાલીમાં રાજા લાગણી પૂર્વક શેઠને ભેટી પડયા. શેઠે રાજાને પ્રણામ કર્યા. નગરજનોએ રાજા તથા શેઠને વધાવી લીધા.

નગરમાં ફરીને રાજ સવારી પાછી ફરી. રાજસભામાં આવીને રાજાએ શેઠને બહુમાનપૂર્વક મંત્રીપદ આપ્યું.

આવી સફળતા પુણ્યકર્મથી પ્રાપ્ત થાય છે માણસો પુણ્યનું ફળ ઇચ્છે છે પણ પુણ્ય ઇચ્છતા નથી, પાપનું ફળ નથી ઇચ્છતાં, છતાં પાપકર્મમાં રત રહે છે પાપથી પાછા પડવું અને પુણ્યમાં આગળ વધવું—એ બે સૂત્રો માનવમાત્રમ કલ્યાણના હેતુભૂત છે માટે પીઠ પાપ તરફ રાખીને, મુખ સત્કર્મ તરફ રાખતા થઇએ. પ્રભુભક્તિ અને જીવમૈત્રીમાં પારંગત બનીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અહિંસા માટે સમતાને, અને સમતા માકે અહિંસાને જાણુવાનું તે માનવીય જ્ઞાનની સાર્થકતા છે.

ભગવાન મહાવીર દ્વારા પ્રતિપાદિત પાંચ મહાવ્રત અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એક એવું જ્યોતપુંજ છે કે જે વિશ્વને હિંસા, વિષમતા, અશાન્તિ અને ઘોર અંધકારના માર્ગમાંથી બહાર આવવાનો માર્ગ બતાવે છે. આ પાંચ મહાવ્રત, સહ અસ્તિત્વની ભાવનાને સાકાર બનાવવામાં સફળ છે; એજ મનુષ્યત્વ અને માનવતાની રક્ષા કરવાવાળાં છે.

"પરસ્પરોપગ્રહ જીવાનામ્"નો સંદેશ આપણુને મહાવીર પ્રભુએ આપ્યો. આ સંદેશમાં સર્વ જીવો પર ઉપકાર કરવાનો,–એક સાથે જીવન–યાપન કરવાની વાત કહેવાયેલી છે.–જેને સહ અસ્તિત્વ કહે છે. જ્યારે અહિંસાની ભાવના સામે આવે છે, ત્યારે તેમાં સહ અસ્તિત્વની ભાવના આવી જાય છે

જો દુનિયામાં સર્વ દેશો અહિંસાના મહાણુંવ્રતનું પાલન કરે તો આપસમાં સુખ પૂર્વક જાતે રહેશે અને બીજાને પણ સુખ પૂર્વક રહેવા દેશે. તેથી મનમુટાવ અને શત્રુતાનો જાતેજ વિનાશ થશે.

સત્ય ખોજમાં સહ અસ્તિત્વ છે. અસ્તેય (ચોરી ન કરવી) તેમાં સહ અસ્તિત્વ છે. જો આપણે ચોરી ન કરીએ કે લૂંટફાટ ન કરીએ, અનુચિત સાધનો દ્વારા વસ્તુ ગ્રહણ ન કરીએ–સહુની જેમ અને સામે ગ્રહણ કરીએ તો શાંતિ સ્થપાશે જ. આજ વાત, બ્રહ્મચર્યમાં, સંયમના વ્યવહારમાં નજરે પડે છે. મહાવીર પ્રભુએ આ સર્વ વાત કરી છે એટલું જ નહિ અમલમાં મૂકી બતાવી છે. તેમણે પોતાના ચરિત્રમાં આ વ્રતોનું પૂર્ણ પાલન કર્યું છે.

આજનો વિશ્વ–માનવ ઘોર 'સેકસી' બની રહ્યો છે. સંયમ અને મર્યાદાઓ તેની સામે કોઈ મૂલ્ય કે મહત્ત્વ નથી રાખતા. તે વાસના અને ભોગવિલાસ માટે સ્ત્રીનો ઉપયોગ કરે છે. સ્ત્રીને તે ભોગની સામગ્રી જ માને છે. તે સ્ત્રીનો પરિગ્રહ છે. કામુકતા અને વાસનાના કીચડમાંથી નીકળવા માટે મહાવીર પ્રભુએ બતાવેલ બ્રહ્મચર્ય સહાયક છે, તે એક પવિત્ર, સ્વચ્છ ઝરણા સમાન છે; જે માનવીની સમસ્ત વાસનાને ધોઈ સાફ કરી શકે છે. બ્રહ્મચર્ય સંયમ શિખવે છે. ત્યાં અનુશાસન; આત્માનુશાસનનો દીપ મનુષ્યની અંદર પ્રજ્વલિત હોય છે.

અનુશાસન, આત્મસંયમ ભગવાન મહાવીરનો પરમ આદર્શ હતો. સંસારના અનુશાસન હીનતા કેટલી છે–તે આપણુને સહુને માલૂમ છે. આપણે કેટલા ઉન્મુક્ત, સ્વચ્છન્દ, મર્યાદાહીન છીએ તે વાત કોઈથી છૂપી નથી. જગતમાં અશાન્તિનું મોટું કારણ આજ અનુશાસન હીનતા.

ભગવાન મહાવીરે આપણુને અનેકાન્તવાદનો એ આદર્શ શિખવ્યા કે જ્યાં પક્ષપાત માટે કોઈ ગુંજાશ નથી

"ધમ્મોવત્થુ સહાવો" વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. પ્રત્યેક વસ્તુ અનેક ધર્મી હોય છે, અનેક ગુણુ સંપન્ન હોય છે. વસ્તુના સર્વ રૂપો–ગુણોને સમજવા જોઇએ, તેમને મહત્ત્વ દેવું જોઇએ. દુરાગ્રહ ત્યજી, બીજાઓના મતોનો વિચારોનો આદર કરવો જોઇએ. પણ આજે આપણુને બીજાઓના મત–વિચારોને ઠોકે મારવામાં સુખ માને છે. આ હીન દૃષ્ટિએ છે. અસમાનતા અને વિષમતા, સંઘર્ષ અને કલહની તે માતા છે. તેથીજ વિશ્વમાં અશાન્તિના બીજ રોપાય છે અને જામે છે.

અનેકાન્તવાદ દ્વારા આપણે સહઅસ્તિત્વ, વિશ્વશાંતિ, વિશ્વબંધુત્વ, સમાનતા, સર્વધર્મ સમભાવ, સહિષ્ણુતા તરફ આગળ વધીએ છીએ. અને પહોંચીએ છીએ, માનવ એકતાના મહાન આદર્શ તરફ આગળ વધીએ છીએ અનેક ધર્મોને કારણે પ્રત્યેક વસ્તુ અનેકાન્ત રૂપમાં વિદ્યમાન છે. આ એક સાપેક્ષ સિદ્ધાન્ત છે. અહિં મતાગ્રહ માટે કોઇ સ્થાન નથી. મહાવીર પ્રભુએ અનેકાન્ત દ્વાર, વ્યક્તિ અને સમાજની ભૌતિક, વ્યાવહારિક, આર્થિક અને સર્વ પ્રકારની સમસ્યાઓના સમાધાનની ખોજ કરેલ છે. આ સિદ્ધાંત દ્વારા આપણે સહિષ્ણુ બનીએ છીએ. બીજાના મત ભાવનાનો આદર કરીએ છીએ. અને જાણીએ કે બીજાઓ

(અનુસંધાન ટાઇટલ પેજ ૨ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. 31


## દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |
| **ગુજરાતી ગ્રંથો** | |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૯ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧[illegible]-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખાર ગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા. ભાવનગર,

મુદ્રક શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only